# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## ''શ્રી ધર્માચાર્યોને જિનઆજ્ઞા'' શી ? ઉપદેશબોધ આપવાની કે નિશ્ચયબોધ આપવાની

આપણે આગળનાં લેખાંકોમાં મોક્ષમાર્ગની ઘણાં અંશે વિચારણા કરી. જીવે મુક્તિ માટે અને મુક્તિનાં માર્ગમાં શું-શું કરવું જોઈએ તેનાં મુખ્ય-મુખ્ય ગુણો અને લક્ષણોની વિચારણા કરી. શ્રી તીર્થંકર પરમાત્માથી માનીને પૂર્વનાં સર્વ જ્ઞાની મહાપુરૂષોએ બાળજીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તીની સર્વ સમયે અત્યંત દુર્લભતા બતાવી છે, શા માટે? જ્યારે શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ સાધનાં કરવા માટે અનેક ધર્મનાં સ્થાનકો હોય, શાસ્ત્રોનાં સાર સ્વરૂપ શાસ્ત્રો હોય, અને અનેક, સર્વ સમયે નિશ્રા પ્રાપ્ત થાય તેવાં શ્રી ધર્માચાર્યોની સંજોગ અવસ્થા પ્રાપ્ત હોય તો પછી મુક્તિનાં માર્ગ અને મુક્તિની દુર્લભતાં શ્રી તીર્થંકર પરમાત્માએ શા માટે બાળજીવોને માટે ગણાવી છે, તેની વિચારણાં કરીએ.

**સકલ જગતમાં સર્વ શ્રેષ્ઠ સવોત્તમ-સંપૂર્ણ જ્ઞાની (અંશ પણ અજ્ઞાન નહીં) તેવા પરમ-પાવન-પૂર્ણ-પવિત્ર, પરમ-પરોપકારી પરમ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્મા કહેવાય-મનાય અને પૂર્ણ શ્રધ્ધા સહિત છે, અને કેવળજ્ઞાની, મુક્તિમાર્ગનાં સ્થાપક, સારથી - મહારથી કહેવાય, અને સરળ ભાષામાં કહેવું હોય તો ''જીવશાસ્ત્ર''નાં મહાન જ્ઞાની પુરુષ કહેવાય.** જીવનું સ્વરૂપ શ્રી તીર્થંકર પરમાત્મા અને કેવળજ્ઞાની મહાપુરુષો કહી શકે એવું પૂર્ણ સ્વરૂપ જગતનાં કોઈપણ પુરુષો કે મહાપુરુષો જણાવી શકે નહીં, આવા પ્રખર અને પ્રચંડ પરમ પુરુષ શ્રી તીર્થંકર પરમાત્માએ કેવળજ્ઞાનમાં જોઈને, જાણીને, અને પૂર્વમાં અનુભવેલી, એવી જીવની નિગોદ અવસ્થાથી લઈને સિધ્ધપદે સ્થિર થાય ત્યાં સુધીની સ્થિતીનું જે જ્ઞાન આપ્યું તેને જિનવાણી (દેશનાં) કહેવાય અને તે જેમાં લખાણ સ્વરૂપે રહેલ છે, તેને શાસ્ત્રો કહેવાય. માટે શ્રી તીર્થંકર પરમાત્મા જીવશાસ્ત્રનાં મહાન જ્ઞાની પુરુષ કહેવાય. અને જીવ અવસ્થાનું પૂર્ણ જ્ઞાન આપ્યું જેમકે જીવ નિગોદમાંથી નિકળે છે, ત્યારથી (નિકળવાનું નિમિત્ત કારણ એક આત્મા સિધ્ધપદે સ્થિર થાય ત્યારેજ એક આત્મા નિયમથી નિગોદમાંથી બહાર આવે છે) જીવ, લોકમાં, ૧૪ રાજલોકનાં ક્ષેત્રમાં (લોકની બહાર અલોકમાં નહીં અને ન જવાનું કારણ ત્યાં આગળ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો વિયોગ-આત્માને ગતિ અને સ્થિરતા આપનાર તત્વ), ૪ ગતિમાં (દેવગતિ, નરકગતિ, તિર્યંચ ગતિ અને મનુષ્યગતિમાં) ૮૪ લાખ ઉત્પત્તિનાં સ્થાનક (૮૪ લાખ યોનિ જીવને પ્રગટ થવાની યોનિ) તે યોનિઓમાં જવાનું કારણ, અને શું કરવાથી ન જવાય તેવું જ્ઞાન, અને જીવ વિચારોથી (બુધ્ધિ) અને મનથી કેવી રીતે કર્મ બાંધે છે અને કર્મો હળવા અને ભારે કેમ બને છે, તેનું જ્ઞાન, અનંત કર્મો બાંધવાનું કારણ અને અનંતા કર્મોની નિર્જરાનું સાધન (સાધનાં) વિગેરેનું જ્ઞાન, અને કર્મ રહિત કેમ થવાય તેનું જ્ઞાન અને આત્માનાં ગુણ-બંધારણ સ્વભાવનું જ્ઞાન અને આત્માની બંધન અવસ્થા (પ્રકૃતિનાં અનેક પ્રકારથી) તેનું જ્ઞાન અને જગતનાં પરસ્પર દેહધારી જીવોનાં સબંધોનું કારણ અને

> **શ્રી જિનનાં ઉપદેશથી,**
> **આવ્યો અપૂર્વ સાર,**
> **શ્રી સદ્દગુરૂનાં શરણથી,**
> **પામ્યો શાસ્ત્રોનો સાર.**

સ્વરૂપ તેમજ જગતનાં પદાર્થોનું સ્વરૂપ, જગતનાં ક્ષેત્રનું ફળ, કારણ સ્વરૂપ અને સમયનું કર્મની અવસ્થા પ્રમાણેનું દોષ-નિર્દોષપણું અને કર્મને ઉદયમાં આવવાનું નિમિત્ત કારણ અને ઉદયમાં આવેલાં કર્મોનાં ભોગવટામાં બંધાતા અનંતા નવા કર્મો વિગેરેનું જ્ઞાન આપનાર અને પાપ-પુણ્યનું ફળ કે જે જીવને અનંત ભવ ભ્રમણમાં ભટકાવે છે. અને અનંતા અનંત દુઃખ અને દુઃખી થવાનું કારણ અને જીવને અનંત ભવોમાંથી છુટવા અને સર્વ દુઃખોથી મુક્ત થવાં શું કરવું જોઈએ તેનું જ્ઞાન (ભાન) આપનાર શ્રી તીર્થંકર પરમાત્માનો પરમ પરોક્ષ ઉપકાર ગણાય. અને આવું જ્ઞાન આપનાર શ્રી તીર્થંકર પરમાત્માએ બાળજીવો ઉપર પૂર્ણ કૃપાદ્રષ્ટિથી (કરૂણાંના સાગરે) પૂર્ણ જ્ઞાને-પૂર્ણ ત્યાગે અને પરીપૂર્ણ વૈરાગ્યભાવ ધારણ કરીને જ્ઞાન આપ્યું તેજ શ્રી તીર્થંકર પરમાત્માની પૂર્ણ વિતરાગતાં સિધ્ધ કરે છે. અને ભેદ રહિત જ્ઞાન આપ્યું એવી શ્રધ્ધા-નિશંક શ્રધ્ધા બાળજીવોમાં સ્થપાવે છે. અનંત

> **''શ્રી જિનેશ્વરે'' દુર્લભ કહ્યો,**
> **મળ્યો જિન શાસનમાં ભવ,**
> **કરૂ પ્રાર્થના શ્રી અરિહંત,**
> **અમને આપો શ્રી જિનબોધ.**

પ્રકારનાં કર્મો અને તત્વ અને દ્રવ્યની વિચારણાઓ બહુ લાંબી અને મોટી છે, પણ તેમાંથી મુક્તિ માટે જેની વિચારણાંની જરૂર હશે તેની વિચારણાં યોગે કરીને ભાવિ લેખાંકોમાં કરશું. મુખ્ય વિચારણાં જીવ-અજીવ (દેહ અને આત્મા, પાપ અને પુણ્ય)ની કરશું.

## જૈનો જાગો

રમેશ વેજાણી

**લેખાંક : ૫૫**

> **જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**
> **જ્ઞાનને કોઈ દેશ નથી, જ્ઞાનને કોઈ વેશ નથી,**
> **જ્ઞાનને કોઈ ધર્મ નથી, જ્ઞાનને કોઈ સંપ્રદાય નથી,**
> **જ્ઞાનને કોઈ અવસ્થા નથી,**
> **જ્ઞાનને કોઈ વ્યવસ્થા નથી.**
> **જ્ઞાનને કોઈ કુળ નથી, જ્ઞાનને કોઈ જાતિ નથી,**
> **જ્ઞાનને કોઈ વય નથી,**
> **જ્ઞાનને કોઈ વ્યવહાર નથી.**
> **જ્ઞાનને જન્મ નથી, જ્ઞાનને મરણ નથી,**
> **જ્ઞાનને પાપ નથી, જ્ઞાનને પુન્ય નથી,**
> **જ્ઞાનને કોઈ બંધન નથી,**
> **જ્ઞાન કોઈનું બંધન નથી.**
> **જ્ઞાન વ્રત-તપ-જપથી મુક્ત છે,**
> **વ્રત-તપ-જપથી જ્ઞાન મુક્ત છે,**
> **જ્ઞાનમાં અજ્ઞાનનું સ્વરૂપ રહેલું છે,**
> **અજ્ઞાનમાં જ્ઞાનનું સ્વરૂપ રહેલું છે.**
> **જ્ઞાનમાં જગત રહેલું છે, જગતમાં જ્ઞાન રહેલું છે,**
> **જ્ઞાનને કોઈ નામ નથી, જ્ઞાનને કોઈ માન નથી,**
> **જ્ઞાન કોઈ શુભ નથી, જ્ઞાન કોઈ અશુભ નથી,**
> **જ્ઞાન શુધ્ધ છે, અને શુધ્ધમાં રહે છે.**
> **જ્ઞાન જગતનાં પદાર્થોને શુભ-અશુભથી પર શુધ્ધત્વથી જાણે છે.**
> **જ્ઞાન જગતનાં જીવોને શુભ-અશુભથી પર શુધ્ધભાવે જોવે છે.**
> **જ્ઞાન એજ જ્ઞાન છે.**
> **જગત જ્ઞાનથી બંધાયેલું છે, જ્ઞાન જગતથી મુક્ત છે.**
> **''જ્ઞાન-જ્ઞાનથી બંધાયેલું છે''.**
> **''જ્ઞાન-જ્ઞાનથી મુક્ત છે''.**
> **જ્ઞાન-જ્ઞાનમાં રહીને વર્તે સજાથી મુક્ત છે.**
> **અજ્ઞાન-અજ્ઞાનમાં રહીને વર્તે સજાને પાત્ર છે.**
> **જ્ઞાનનો આદર એજ અજ્ઞાનની અવગણનાં,**
> **જ્ઞાનની અનુમોદના એજ અજ્ઞાનની અવહેલનાં,**
> **જ્ઞાનની ઉપાસના એજ અજ્ઞાનની તપાસણાં,**
> **જ્ઞાનની આરાધનાં એજ અજ્ઞાનની વિરાધના,**
> **જ્ઞાનનું અવિનાશપણું એજ અજ્ઞાનનું નાશપણું.**
> **અજ્ઞાનનાં નાશ પછી જે રહે તે જ્ઞાન.**
> **જ્ઞાન એજ અવિનાશ અને**
> **અવિનાશીપણું એજ જ્ઞાન.**

નિગોદમાંથી નિકળીને જીવ ૮૪ લાખ યોનિનાં ભ્રમણમાં ફરે છે, ત્યારે તેમાંથી મુક્ત થવું કેવું મુશ્કેલ અને દુષ્કર છે તે જ્ઞાન આપીને અને તેમાંથી મુક્ત કેમ થવાય તેનો માર્ગ બતાવીને શ્રી તીર્થંકર પરમાત્માએ (શ્રી ઈષ્ટદેવોએ) બળવાન ઉપકાર બાળજીવો ઉપર કર્યો છે તેની પ્રાથમિક વિચારણાં કરીએ. મુક્તિ ઝંખતા બાળજીવોને ૮૪ લાખ યોનિમાંથી ફક્ત એકજ મનુષ્ય યોનિમાં જ મુક્તિનો માર્ગ-મુક્તિની આરાધનાં અને મુક્તિ પ્રાપ્ત થાય છે, ફક્ત મનુષ્યયોનિમાંથી જ. શ્રી પરમાત્માએ ૮૪ લાખ યોનિમાંથી ફક્ત એક જ યોનિ (મનુષ્યયોનિ જ) કામની ગણી અને બતાવી છે. અને બાકીની અન્ય યોનિઓ કર્મનાં ફળ ભોગવવાની યોનિઓ ગણાવીને, તે યોનિઓ (દેવયોનિ) પ્રાપ્ત કરવાં માટેનો જીવ ધર્મ કે પુરુષાર્થ કરે તો તે શ્રી તીર્થંકર પરમાત્મા (શ્રી ઈષ્ટદેવ)ની આજ્ઞાનો ભંગ કે ઉલ્લંઘન કર્યું ગણાય. અને જિનઆજ્ઞાનો ભંગ એ જ્ઞાનની વિરાધનાં ગણાય અને જ્ઞાનની વિરાધના એજ મિથ્યાત્વ અને વિરાધનાં કરાવનાર મિથ્યાત્વમાં ગાઢ મિથ્યાત્વ કર્યું ગણાય.

જીવને મુક્તિ માટેનાં ચાર દુર્લભ ઉત્તરોતર કારણોની વિચારણાં પૂર્વનાં લેખાંકોમાં કરી હતી તેની વિશેષ વિચારણાં કરીએ. જીવને ૮૪ લાખ યોનિમાં (૧) જીવને મનુષ્યપણું મળવું અત્યંત દુર્લભ છે. (૨) જીવને મનુષ્યપણાંમાં પણ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ મળવો એ બીજું અત્યંત દુર્લભ કારણ છે. (૩) જીવને મોક્ષમાર્ગી સંપ્રદાયમાં માનવભવ મળ્યાં પછી પણ આત્મકલ્યાણનો બોધ સાંભળવા-જાણવાં અને માનવાં મળે તે ત્રીજો અત્યંત દુર્લભ યોગ છે. (૪) જીવને મનુષ્યપણાંનાં ભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મીને આત્મકલ્યાણનો બોધ માનીને, શ્રધ્ધામાં લાવીને આરાધન કરવું એ અત્યંત દુષ્કર હોય છે. (શ્રધ્ધામાં આવીને આરાધન માટે અનુકુળ સંજોગ અવસ્થા બાળજીવો માટે અત્યંત અનિવાર્ય છે).

આવી રીતે જીવને મુક્તિનાં ચાર કારણોની ઉત્તરોતર બળવાન દુર્લભતા ગણાવી છે. તેની દુર્લભતા શા માટે તેની વિચારણાં કરીએ. જીવને ૮૪ લાખ યોનિમાં ફરતાં-ફરતાં, કષાયોની મંદતાએ, અને કંઈક અંશે ગુણો જાગૃત થવાની સ્થિતીએ, અને આત્મસત્તામાં કર્મોની ઉણપતા આવવાથી (જીવ મનુષ્યયોનિમાં જ કર્મો બાંધતો હોવાથી) અને સુખ-દુઃખોનું વેદન કંઈક અંશે સમતોલ થવાથી (સુખનાં સાધનો કે દુઃખનાં કારણોથી નહીં) જીવ મનુષ્યપણું પામે છે. અને તે મનુષ્યપણાંમાં સંસારનાં માનેલાં સુખનાં સાધનોનો સંયોગ અને તે સાધનોનો વિયોગ અને સંજોગ અવસ્થા પૂર્વનાં પુણ્યને આધીન પ્રાપ્ત થાય છે. આવી મુખ્ય-મુખ્ય અવસ્થાએ જીવને મનુષ્યપણું પ્રાપ્ત થાય છે. અને જીવ મનુષ્યપણાંનાં જન્મમાં આર્યક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર પ્રાપ્ત કરે છે, અને મોક્ષમાર્ગી સંપ્રદાય કે વગર મોક્ષમાર્ગી કુળ પણ મનુષ્યયોનિમાં પ્રાપ્ત થાય છે. તો મનુષ્યપણું મળ્યું પણ મોક્ષમાર્ગી સંપ્રદાય કુળ ક્યાં છે ? આવી રીતે કેટલાં મનુષ્યપણાંનાં ભવ કર્યા હોય ત્યારે ક્યારેક જ મોક્ષમાર્ગી

> **શ્રી જિનની શ્રધ્ધા કરી,**
> **કરુ શ્રધ્ધા નિશંક,**
> **યાચક ભયને ટાળીને,**
> **પામું કરુણાંશિલ.**

સંપ્રદાય કુળ પ્રાપ્ત થાય છે. (વ્યવહારથી રસ્તા ઉપર રહેતાં જીવો, જંગલમાં વસતાં આદિવાસી, અલ્પ સમુહનાં નાના ગામો અને ધર્માચાર્યો વગરનો સંપ્રદાય, (સમાજ) વિગેરે મનુષ્યોને આર્યક્ષેત્ર મળ્યું પણ મોક્ષમાર્ગી સંપ્રદાય ક્યાં મળ્યો ?) આવી રીતે ઘણી વખત મનુષ્યભવ મળ્યાં હોય તેમાં ક્યારેક રસ્તાં ઉપર કે ક્યારેક અનાર્ય ભુમિમાં જીવ મનુષ્યપણું મોક્ષમાર્ગી ધર્મ પ્રાપ્ત કર્યા વગર પુરું કરી નાખે

અનુસંધાન પાના નં ૭૮ પર →

અનુસંધાન પાના નં ૭૭ થી ચાલું

છે. છતાં કહેવાય મનુષ્યભવ મળ્યો. આવી રીતે ઘણાં ઘણાં મનુષ્યભવ મળ્યાં પછી કોઈક મનુષ્યપણાંનાં ભવમાં જીવને મોક્ષમાર્ગી સંપ્રદાયનું કુળ પ્રાપ્ત થાય તેવો મનુષ્યભવ પ્રાપ્ત થાય છે (કષાયોની વિશેષ મંદતાનાં કારણે). અને જ્યારે

**એ અજ્ઞાને અનાથ થયો,**
**છુટ્યો જગતનાં નાથથી,**
**માન્યું નહીં મેં નાથનું,**
**થયો જગતમાં અનાથ.**

મનુષ્યભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાય કુળ મળ્યાં પછી શ્રી તીર્થંકર પરમાત્માએ (શ્રી ઈષ્ટદેવે) પ્રકાશેલો-આપેલો અને સ્થાપેલો ધર્મ જીવને પ્રાપ્ત થયો કે નહીં, તેની જાણકારી જીવે લીધી કે નહીં, આખી જિંદગી ધર્મનાં નામે શુભ કાર્યો કર્યા-વ્રત-તપ-જપ-ત્યાગ-દાન કર્યા પણ શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશેલો નિશ્ચયબોધ સાંભળવામાં કે જાણવામાં આવ્યો છે ? તેનો વિચાર બાળજીવે ક્યારેય કર્યો છે ? શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને પ્રકાશેલો મોક્ષમાર્ગી જ્ઞાન બોધ કે જેને વ્યવહારથી આત્મધર્મ કે સિધ્ધાંતબોધ કે નિશ્ચયબોધ કહેવાય છે, તે વિચારે. ઘણાં-ઘણાં ભવભવાંતર પછી પ્રાપ્ત થયેલું મનુષ્યપણું અને તેમાં પણ ઘણાં ભવોનાં યોગે પ્રાપ્ત થયેલું જૈનકુળ-શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ઈષ્ટદેવ સ્વરૂપે, અને પૂર્ણ જ્ઞાનથી ભરેલો મોક્ષમાર્ગ, આવો મોક્ષ પ્રાપ્તીને માટેનો ત્રિવિધ સર્વ શ્રેષ્ઠ યોગને સફળ બનાવવો કે નિષ્ફળ કરવો તે જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ અને સાધુ-સાધ્વીજીઓ, શ્રી ધર્માચાર્યો અને શ્રી સંઘની સમજણ ઉપર આધાર રાખે છે. સમ્યગજ્ઞાનની પ્રાપ્તી માટે સમ્યગબુધ્ધિ, સમ્યગવિચાર અને સમ્યગસમજણ અતિ જરૂરી છે. આપણે જીવને મુક્તિનાં ચાર ઉત્તરોતર દુર્લભપણાંનાં કારણોમાંથી પ્રથમ બે દુર્લભ કારણોની વિચારણાં કરી. અને બીજા બે ઉત્તરોતર દુર્લભપણાંનાં જે કારણો છે તેની ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારણાં કરશું. આપણે જીવને મુક્તિ માટેનાં ઉત્તરોતર ચાર દુર્લભ કારણોની દુર્લભતા વિચારી. તેનાં પ્રથમ અને બીજા દુર્લભપણાંનાં કારણોની મુખ્ય વિચારણાં કરી. કારણ કે આ લેખાંક વાંચનાર અને વાંચનારની સાથેનાં જીવો (જગતનાં અન્ય જીવો અન્ય થકી જાણકારી મેળવે છે)ને બે દુર્લભ કારણોનો યોગ થયો ગણાય અને ત્રીજા દુર્લભ કારણ પામવાનો પુરૂષાર્થ કરવાનો હોય છે, અને તે બોધ જૈન સંપ્રદાયમાં જન્મેલાં અને જૈન ધર્મ પાળતાં અને શ્રી તીર્થંકર પરમાત્માને શ્રી ઈષ્ટદેવ ગણતાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીજીઓ સર્વને પ્રાપ્ત થયો છે ? અને જે જીવોને પ્રાપ્ત થયો હોય તે જીવો સદ્ભાગી-બડભાગી-અહોભાગી ગણાય અને તેમને પ્રાપ્ત થયેલું મનુષ્યપણું અને તે મનુષ્યપણાંમાં પણ મુખ્યત્વે જૈનધર્મ-જૈનકુળનું પ્રાપ્તીપણાંનું સાર્થકપણું ગણાય. અને જૈન સંપ્રદાયનાં જે જીવોને શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ પ્રાપ્ત ન થયો હોય તે જીવોનું મનુષ્યપણાંમાં પ્રાપ્ત થયેલું જૈનકુળ અને જૈનધર્મનું નિષ્ફળપણું ગણાય અને આ નિષ્ફળપણાંનું કારણ જીવની મુંઢતા ? સાચો ધર્મ (આત્મધર્મ) મળે છતાં ન લેવો તે કે શ્રી ધર્માચાર્યોની ઉદાસીનતા (નામભાવનાં બળવાનપણાંનાં કારણે) કે બાળજીવોને જન્મતાની સાથે જ ધર્મથી અજ્ઞાન, અને અજાણ રખાવવાની મનોવૃત્તિ અને ધર્મભીરૂં (કાયરતા) ધારણ કરાવવાની વૃત્તિ કે સંઘ વ્યવસ્થા નબળી પડી તેનાં કારણે, કે પછી સંપ્રદાયમાં, અહંકાર, અભિમાન, સ્વચ્છંદતા, અધિકારભાવ અને નામ અને માનભાવનું બળવાનપણું તેનો વિચાર જૈન સંપ્રદાયનાં સર્વ જીવો જીવને કેમ પ્રાપ્ત થતો નથી અથવા જીવ શા માટે પ્રાપ્ત કરતો નથી, તેની વિશેષ વિચારણાં કરીએ.

શ્રી ધર્માચાર્યોનાં મુખેથી વારંવાર સાંભળેલું શાસ્ત્રોક્ત વાક્ય કે

**અર્થ અને કામ ભાગ્યથી પ્રાપ્ત થાય છે.**
**''અને''**
**ધર્મ અને મોક્ષ માટે પુરૂષાર્થ કરવાનો છે.**

આ વાક્યની વિશેષ વિસ્તારથી વિચારણાં કરીએ. જીવને મનુષ્યભવ અને મનુષ્યભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાયનું કુળ અનંતી વખત મળ્યું અને તે મનુષ્યપણાંનાં ભવોમાં જીવે પાપ અને પુણ્ય પોતાની સમજણથી જાણતાં કે અજાણતાં અનેક વખત કર્યા. જીવને પુણ્યનાં કાર્યો માટે શ્રી ધર્માચાર્યોની જરૂરત હોતી નથી, છતાં જીવો પુણ્યનાં કાર્યો અનેક પ્રકારથી કરે છે, તેનું કારણ (જીવે નિગોદમાંથી નિકળીને એક વખત ઉપદેશ બોધ આરાધવો પડે છે, નિયમથી પછી ભવોભવ આરાધવાની જરૂર નથી) જીવની પૂર્વનાં ભવોમાં પુણ્ય પ્રકૃતિ જાગૃત થયેલી હોય છે. તેથી સહજપણે જીવ પાપ અને પુણ્યનો સ્વભાવગત બને છે તેથી જીવને જ્યારે જ્યારે મનુષ્યભવ પ્રાપ્ત થાય છે ત્યાં-ત્યારે જીવ નામભાવ અને માનભાવથી પ્રેરાઈને ધર્મનું નામ આપીને કે ધર્મિષ્ઠમાં ખપવાં માટે સંજોગ અનુસાર પુણ્યનાં કાર્યો (શુભવૃત્તિથી વર્તીને) કરે છે. તેમાં શ્રી ધર્માચાર્યોની જરૂર હોતી નથી અને શ્રી ધર્માચાર્યોનો યોગ હોય તો પણ શ્રી ધર્માચાર્યોની વાતો જીવ સાંભળે છે, પણ સ્વિકારવાં માટે તો સંજોગ અવસ્થા જ બળવાન હોય છે અને પુણ્યનાં કાર્યો ગમે તેટલાં મોટા હોય કે ગમે તેટલાં નાના હોય પણ તેનું પરીણામ કાર્ય પ્રમાણે નહીં, પણ કેવાં ભાવે કર્યું તેનાં આધારે પુણ્ય પ્રાપ્તીનું ફળ પ્રાપ્ત થાય છે. આવી રીતે જીવે પુણ્ય બાંધેલું હોય છે, તે પુણ્ય જીવોને ભવભવાંતરમાં કર્મસત્તા અનુસાર

**જ્ઞાનથી દુર રહેવાનું કારણ અજ્ઞાન,**
**અનંત કર્મો બાંધવાનું કારણ અજ્ઞાન,**
**અનંત ઈચ્છાઓનું કારણ અજ્ઞાન,**
**અનંત દુ:ખોનું કારણ અજ્ઞાન,**
**માટે**
**અનંત ભવભ્રમણ ફરવાનું કારણ અજ્ઞાન.**

કાળ-ક્ષેત્ર-દ્રવ્ય અને ભાવનાં યોગે પ્રાપ્ત થાય છે માટે જીવને અર્થ (સત્તા-સંપત્તિ) અને કામ (વિષયોની પ્રાપ્તી, માનેલાં સુખ ભોગવવાં) બંને પૂર્વનાં ભવોનાં પાપ-પુણ્યનાં કારણે જ પ્રાપ્ત થાય છે અને ભોગવે છે. તેમાં લગભગ વર્તમાન ફળ અલ્પ હોય છે, અને ન પણ હોય. માટે જીવને માટે એમ કહેવાય કે માનેલાં સુખનાં સાધનો જીવ પ્રાપ્ત કરી શકે પણ તેમાં સુખભાવથી રહેવા માટે તો પૂર્વનું કારણ જ જોવે. આવી રીતે જીવે અનેક વખત મનુષ્યભવ અને તેમાં ક્યારે-ક્યારેક પ્રાપ્ત થતું મોક્ષમાર્ગી સંપ્રદાયનું કુળ મળે ત્યારે જીવે લગભગ આવી જ મનોવૃત્તિ કેળવીને મનુષ્યભવ નિષ્ફળ કર્યો, માટે જ જીવ અનંત કાળ અને ભવોથી ભટકે છે. અને હવે બીજા બે અર્થોની વિચારણાં કરીએ. **''ધર્મ અને મોક્ષ''**. જ્ઞાની મહાપુરૂષોએ, ધર્મ અને મોક્ષ બંનેને અલગ શા માટે કર્યા અને બંને માટે પુરૂષાર્થ કરવાનો શા માટે કહ્યો તેની વિચારણાં કરીએ. અગર જીવ ધર્મનો પુરૂષાર્થ કરે તો ધર્મનું ફળ મોક્ષ જ હોય (ધર્મ આરાધનનું ફળ મોક્ષ જ છે.) તો પછી ધર્મનો પુરૂષાર્થ એટલે શું ? તો ધર્મનો પુરૂષાર્થ એટલે, સમ્યગબુધ્ધિથી, સમ્યગવિચારથી અને સમ્યગસમજણ કેળવીને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો મુક્તિ માટેનો બોધને જીવ સાંભળવાનો, સમજવાનો અને માનવાનો અને માનીને શ્રધ્ધા કરવાનો જે પુરૂષાર્થ કરે તેનું નામ **''ધર્મ''** અને તેને માનવું તે ધર્મનો પુરૂષાર્થ, અને તે મોક્ષમાર્ગની (મુક્તિનાં જ્ઞાનની) શ્રધ્ધા કરીને તે માર્ગે ચાલવાનો પુરૂષાર્થ કરવો અને તે પુરૂષાર્થ થકી જે પ્રાપ્ત થાય તેનું નામ **''મોક્ષ''**. (શાસ્ત્રોનો બોધ જગતમાં ગમે ત્યાથી ન મળે, જે શાસ્ત્રોનાં જાણકાર હોય [શ્રી ઉપાધ્યાયજી કે સ્વાધ્યાયકાર] પાસેથી અથવાં આત્માનુભવિ સદ્ગુરૂ-સંત પાસેથી જ પ્રાપ્ત થાય) માટે મોક્ષમાર્ગનો જ્ઞાનધર્મ મેળવવા, જાણવાં માટે પુરૂષાર્થ કરવો પડે છે, તે ભાગ્યનાં યોગે કે પુણ્યનાં ફળથી પ્રાપ્ત ન થાય માટે જ્ઞાની મહાપુરૂષોએ પહેલાં જ્ઞાનમાર્ગ જાણવાનો અને પછી આરાધવાનો કહ્યો છે, તે યથાર્થ છે. જ્ઞાની મહાપુરૂષો અકારણ શબ્દો ન વાપરે,

**જગતમાં મોટામાં મોટો દંભ જગતને છેતરવું તે નહીં, ''પણ'' પોતાની જાતને છેતરવી તે છે. ''અને'' માટે જીવ મુક્તિથી અને માર્ગથી ઘણો દુર છે. જીવ આ ભવે કરે કે આવતા ભવે કરે કે અનંત ભવ ભ્રમણ પછી કરે, આ ક્ષેત્રથી કે અન્ય ક્ષેત્રથી કરવાનું ''આજથી'' ''આ-જ છે''. જ્યાં સુધી આત્મધર્મની વિરાધના અટકે નહીં અને સત્યની ઝુરણાં જાગે નહીં, ત્યાં સુધી આત્મકલ્યાણનો માર્ગ મળે નહીં.**

સકારણ જ હોય. મનુષ્યભવમાં જીવને મોક્ષપ્રાપ્તીનો જ્ઞાનમાર્ગ શા માટે પ્રાપ્ત થતો નથી, થતો હોય તો સાંભળવો શા માટે ગમતો નથી અને સાંભળવા મળે તો જીવ માનવાં તૈયાર શા માટે થતો નથી અને માને તો પછી શ્રધ્ધા શા માટે કરતો નથી તેનું કારણ જીવે પૂર્વનાં ભવોમાં અને નિમિત્ત કારણ વર્તમાન ભવમાં શું કર્યું હોય તેની વિચારણાં કરીએ. (જીવને શ્રધ્ધા થાય તો પણ મનુષ્યપણું અને મોક્ષમાર્ગી સંપ્રદાયનું સફળપણું ગણાય અને ભાવિ નજીકનાં ભવોમાં આરાધવાનો યોગ અને સંજોગ નિયમથી નિશ્ચિતરૂપે,

અનુસંધાન પાના નં ૭૯ પર →

## * સત્સંગ *

### ''અષ્ઠ પ્રકારનાં આઠ અંગની આરાધના''

**નિગોદથી નિકળીને જીવે સિધ્ધપદે પહોંચતા પહેલાં નિયમથી અષ્ઠ પ્રકારનાં પદને એક-એક વખત ભવભવાંતરમાં આરાધવા જ પડે છે.**

**૧) ઉપદેશબોધ : જીવ નિગોદમાંથી નિકળીને જ્યારે પણ પ્રથમ વખત કોઈપણ યોનિનું દેહ ધારણ કરે છે, ત્યારથી દેહ ટકાવવાં હિંસાધારી બને છે. અને ત્યારથી પાપ પ્રકૃતિ કાર્યશીલ બને છે, અને જ્યારે પંચેન્દ્રિય દેહપણાંમાં આવે છે, ત્યારે પાપનાં ફળ ભોગવતાં દુ:ખો પ્રાપ્ત થાય છે, તેને ટાળવાનાં ઉપાય સ્વરૂપે પુન્ય પ્રાપ્ત કરવા ઉપદેશબોધ ગ્રહણ કરીને આરાધે છે. અને તેનાં ફળ સ્વરૂપ પુન્ય પ્રકૃતિ કાર્યશીલ થાય છે. આવી રીતે જીવની પાપ-પુન્યની પ્રકૃતિ ક્રિયાશીલ થઈને બળવાન બને છે. તેનું કારણ ઉપદેશબોધ (ભવોભવ ઉપદેશબોધની આરાધના જરૂરી નથી).**

**૨) કોઈપણ યોનિ થકી જાણતાં કે અજાણતાં શ્રી તીર્થંકર પરમાત્માની દેશનાનાં પરિસરમાં જીવે જવું જ પડે છે (કાળમર્યાદાનું સમકિત પામવા, વધીને અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળમાં જીવની મુક્તિ).**

**૩) કોઈપણ એક ભવમાં જીવે, સુખે-દુ:ખે કરીને, માનભાવે કે નામભાવે, સુખભાવે કે દેહભાવે, સાધુપણું અંગીકાર કરવું જ પડે છે (ત્યાગ પ્રત્યે અહોભાવ જાગૃત કરવાનો ગુણ કેળવવા માટે ભવોભવ ત્યાગની જરૂર નથી).**

**૪) એક વખત કોઈપણ ભવમાં ''જ્ઞાનપ્રાપ્તી'' માટે ''જ્ઞાન વિરાધના''નો દોષ ટાળવો જ પડે છે, અને તે દોષ ટાળવા માટે પુણ્ય પ્રકૃતિને અત્યંત મંદ કરવી જ પડે છે, નહિંતર જ્ઞાન વિરાધના જ થાય છે.**

**૫) એક વખત કોઈપણ ભવમાં જ્ઞાન-વિરાધનાનાં દોષને ટાળીને આત્મકલ્યાણબોધને સાંભળીને-જાણીને, માનીને-ગમાડવો જ પડે છે.**

**૬) એક વખત ભવમર્યાદા બાંધવી જ પડે છે. અને તે સમ્યગ્દર્શન થકી, અને તે પ્રાપ્ત કરવાં સદ્ગુરૂને એક ભવ આરાધવા જ પડે છે. (ભવો-ભવ નહીં)**

**૭) એક વખત જીવે, સાતમાં ગુણ સ્થાનકમાં આવીને રહેવું જ પડે છે. પુન્ય પ્રકૃતિનાં ક્ષય માટે અને ભવ બાંધવાની ગ્રંથીઓનાં ક્ષય માટે.**

**૮) આઠમાં ગુણસ્થાનકેથી જીવ આગળ વધીને એક વખત સદેહે કેવળ જ્ઞાન પ્રકાશીત થાય છે. અને દેહનાં નિર્વાણથી આત્મા સર્વ સમય માટે સિધ્ધપદમાં સ્થિરતાં પ્રાપ્ત કરે છે.**

**ઉપર વર્ણવેલાં મુક્તિનાં આઠ અંગોને જીવે નિગોદમાંથી નિકળીને સિધ્ધપદે સ્થિર થવાં નિગોદ યાત્રારંભેથી લઈને યાત્રાન્તે સિધ્ધપદે સ્થિર થાય ત્યાં સુધીમાં એક-એક વખત આરાધવાં અનિવાર્ય (નિયમ) છે, બે વખત આરાધવાં અનિવાર્ય નથી.**

અનુસંધાન પાના નં ૭૮ થી ચાલું

**મળ્યો ભવ માનવતણો,**
**કરો કૃપા ગુરૂવંત,**
**ફરી-ફરી માગું જિનનો બોધ,**
**અમને આપો નિશ્ચયબોધ.**

પ્રાપ્ત થાય અને અલ્પભવોમાં મોક્ષગામી બને). જે બાળજીવોને આત્મકલ્યાણનો આત્મધર્મ કે જેને નિશ્ચયબોધ કે સિધ્ધાંતબોધ કહેવાય તે મળ્યો નથી તે જીવો મોક્ષમાર્ગમાં નથી. તે જીવો મોક્ષધર્મને પામ્યાં નથી અને તે જીવો જે ધર્મ આરાધનાં કરે છે તે ધર્મ આરાધનાં ભવભ્રમણમાં ફરવાની આરાધનાં કરે છે. અને તેનાં ફળસ્વરૂપે અનંતા અનંત ભવોમાં ફરવાનું ભાગ્ય (કર્મનું ઉપાર્જન) બનાવે છે. આવા જીવોને અને આવા ધર્મ આરાધકને કે બોધક આરાધકને ક્યારેય મુક્તિનો માર્ગ મળતો નથી-મળ્યો નથી અને મળશે નહીં, મેળવવા માટે જીવે સૌ પ્રથમ જ્ઞાન વિરાધનાં અટકાવીને જ્ઞાન વિરાધનાનો દોષ ટાળવો પડે છે, અને દોષ ટળ્યાં પછી જ જીવને જ્ઞાનનો યોગ અને જ્ઞાનની ઓળખાણ અને જ્ઞાન ગમતું થાય છે. અને જીવને જ્યાં સુધી જ્ઞાન ગમતું ન થાય ત્યાં સુધી જીવ જ્ઞાનને ટાળવાનો, અને જ્ઞાનને અજ્ઞાન માનવાનો ભ્રમિતભાવ કાઢી શકતો નથી અને જ્યાં સુધી ભ્રમિતભાવ રહે છે, ત્યાં સુધી જીવ જ્ઞાનની વિરાધનાં ચાલુ રાખે છે, અને જ્ઞાનની વિરાધનાં-ધર્મને નામે કરતો રહે છે. **''જ્ઞાન એજ જ્ઞાન છે''**. જ્ઞાનની વિરાધનાનું ફળ ભવભ્રમણનું બંધન અને જ્ઞાનની આરાધનાનું ફળ ભવ-ભ્રમણથી મુક્તિ. જ્ઞાન એજ જ્ઞાન છે. જ્ઞાન બંને પ્રકારનું ફળ આપે (આરાધનાનું અને વિરાધનાનું). માટે જીવ જ્યાં સુધી જ્ઞાન વિરાધનાં કરે ત્યાં સુધી તેમને મોક્ષમાર્ગ કે મોક્ષમાર્ગનું જ્ઞાન કે મોક્ષમાર્ગની આરાધનાં કરતો નથી પણ જે કાંઈ પણ આરાધનાં કરે છે તે પણ જ્ઞાન વિરાધનાં બનીને વિરાધનાનો દોષ કરે છે. અને તે દોષને જ્ઞાન વિરાધનાનાં દોષમાં ભેળવીને જ્ઞાન વિરાધનાનો મહાદોષ પ્રાપ્ત કરે છે જેને આપણે **''મહામિથ્યાત્વી''** કહીએ છીએ. આવો મહામિથ્યાત્વીનો બળવાન દોષ જીવને પ્રાપ્ત થાય તો પછી જીવે જ્ઞાન પ્રાપ્તી અને સમ્યગદર્શનની તો વાત ક્યાં વિચારવાની આવે. આવા જીવો માટે તો કરૂણાંનાં સાગર પરમ પરોપકારી શ્રી તીર્થંકર પરમાત્મા પાસે આપણે પ્રાર્થનાં કરવી રહી કે 'હે શ્રી પરમાત્મા આવાં બાળજીવોની સંજોગ અવસ્થા એવી બનાવ કે જેનાં કારણે આવા જીવો નિશ્ચયબોધ સાંભળવા-જાણવાં અને માનવાં લાગે અને જ્ઞાન વિરાધનાનો દોષ ટાળીને જ્ઞાનમાર્ગની પ્રાપ્તીથી ભવભ્રમણનાં દુઃખો ટાળીને મોક્ષ પ્રાપ્તી કરે.' (અનંતા ભવોનું દુઃખ વેદન કરતાં એક ભવનું દુઃખ વેદન સ્વિકાર્ય ) **જીવ અનંત ભવભ્રમણથી જ્ઞાન વિરાધના જ કરતો આવ્યો છે, માટે જીવને જ્ઞાનનો યોગ થતો નથી. જ્ઞાનનો યોગ ન થવાથી જ્ઞાનીનો યોગ થતો નથી અને જો જ્ઞાનીનો યોગ થાય તો ઓળખી શકતો નથી અને કદાચ લોકઅભિપ્રાયે ઓળખી શક્યો હોય તો પણ આરાધી શકતો નથી ''અને આરાધી શકતો નથી માટે મુક્તિ પામી શકતો નથી''.**

''દેહ અને આત્માની ભિન્નતા જાણવી.
દેહ અને આત્માની ભિન્નતા માનવી.
દેહ અને આત્માની ભિન્નતાં અનુભવવી.

અને એવાં અનુભવિનું આશ્રીતપણું પામ્યાં વગર કોઈ જીવ પૂર્વમાં મુક્તિ પામ્યાં નથી, વર્તમાનમાં પામતા નથી અને ભવિષ્યમાં પામશે નહીં''. જીવ જ્યારે પણ મોક્ષગમન કરશે, ત્યાર પહેલાં જીવે ભવમર્યાદા બાંધવી જ પડશે અને ભવમર્યાદા બાંધવા માટે, જેણે ભવ મર્યાદીત બનાવ્યું હોય તેવાં સદ્ગુરૂ-સંતનું આશ્રીતપણું ધારણ કરવું જ પડશે. અને ભવમર્યાદા બનાવેલ (પ્રાપ્ત કરેલ) જીવ થકી ભવમર્યાદા બાંધવી જ પડશે, આજ એક જ્ઞાનમાર્ગ છે. અને આજ જ્ઞાનમાર્ગનો (મોક્ષમાર્ગનો) અટલ-અચળ-અડગ સિધ્ધાંત

**જ્ઞાન પ્રાપ્તીનાં કર્યા પ્રયાસ,**
**ફાવ્યો નહીં ઉપાય,**
**ટાળ્યો વિરાધનાનો દોષ,**
**પામ્યો આરાધનાનો યોગ.**

Website : www.jainojago.com

છે. અને આ સિધ્ધાંત જીવે કોઈપણ કાળે-કોઈપણ ક્ષેત્રથી-કોઈપણ વેશે, અને કોઈપણ જાતિમાં જઈને કે રહીને સિધ્ધાંત ધારણ કરવો જ પડે છે, એ સિધ્ધાંતબોધનો સિધ્ધાંત છે.

હવે આપણે જીવ ''જ્ઞાન વિરાધનાં'' કેમ અને કેવી રીતે કરે છે, તેનાં મુખ્ય-મુખ્ય લક્ષણોની વિચારણાં કરીએ, જીવને જ્યારે-જ્યારે મનુષ્યભવ અને મોક્ષમાર્ગી સંપ્રદાયનું કુળ, કષાયોની ઘણી-ઘણી મંદતાએ અને ગુણોનો ઉઘાડ

**જે કાળે કલંકિત થયો,**
**મળ્યો કાળ કલંકિત,**
**કલંકને કાપવા કાપ કાઢ્યાં,**
**થયો નિષ્કલંક કાળ.**

થવાની (પ્રગટવાની) શક્યતાએ, અને સપ્રમાણ સુખ-દુઃખની વેદન અવસ્થાએ મોક્ષમાર્ગ પામવાનો યોગ પ્રાપ્ત થયો, ત્યારે જીવે પાપભીરૂં બનવાની બદલે ધર્મભીરૂં બનીને ધર્મ જાણવાની જિજ્ઞાસાવૃત્તિ વગર (શ્રી ધર્માચાર્યોમાં મુકેલી બળવાન અંધશ્રધ્ધાનાં કારણે) અને ભ્રમિત ભયથી પ્રેરાઈને કે સવાલ પૂછીએ તો શંકા કરી ગણાય અને વિરાધનાં કરી ગણાય તેવી ભ્રમિત સમજણ રાખીને અને

## * સત્સંગનું ફળ *

**જે બાળજીવોને વર્તમાનકાળ, વર્તમાન ક્ષેત્રમાં પાંચમો આરો (કળિયુગમાં) ભરતક્ષેત્રમાં આત્માનુભવિ સદ્ગુરૂનો યોગ અને નિશ્રા (વય-વેશનાં ભેદરહિત) થયેલી હોય, થતી હોય અને થવાની હોય તે સર્વ જીવો સંસારનાં સર્વ શ્રેષ્ઠ ભાગ્યવાન અને અલ્પભવિપણું પ્રાપ્ત કરવાનું બળવાન નિમિત્ત કારણ પ્રાપ્ત કર્યું ગણાય, સંસારનાં સર્વશ્રેષ્ઠ મહાપુરૂષની નિશ્રા પ્રાપ્ત થઈ ગણાય. (ઈષ્ટદેવની ગેરહાજરીનાં કારણે પરમ મહાપુરૂષ ગણાય). અને એ ભવ, મહાપુરૂષની નિશ્રામાં આશ્રય ભાવે રહે, તો જીવ નિશ્ચિતરૂપથી નિશ્ચીત સ્વરૂપ પ્રાપ્ત કરીને અલ્પ ભવોમાં મોક્ષગમન કરે છે.**

**જે જીવોને નિશ્ચયબોધનાં આરાધક બોધકોની નિશ્રા પ્રાપ્ત થઈ છે, તે જીવોને ભવ-ભ્રમણમાં ભટકવાનો દોષ ટાળવાનો અવસર પ્રાપ્ત થયો ગણાય, અને તે જીવો મોક્ષપ્રાપ્તીનાં અધિકારી બનવાની લાયકાત પામવાવાળા ગણાય માટે તેઓ પરમ આદરણીય ગણાય અને તેવાં શ્રી ધર્માચાર્યો જગતનાં બાળઉધ્ધારક ગણાય તેથી તેઓ પરમ વંદનીય અને પૂજનીય બને છે.**

**''અને'' જે જીવો ઉપદેશબોધનાં આરાધકો, સાધકો અને બોધક બન્યાં છે, તેઓ ''જિનઆજ્ઞા''ની વિરૂધ્ધ ગયા છે. તેઓ પ્રત્યે કરૂણાં ભાવ રાખીને, શ્રી તીર્થંકર પરમાત્મા પાસે પ્રાર્થના કરવી રહી કે 'હે કરૂણાંનાં સાગર જગતનાં સર્વ સાધક-બોધકની નિર્મળ બુધ્ધિ બનાવીને, જ્ઞાન વિરાધનાથી બચાવો, અને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તીનો યોગ કરાવો.'**

એક ભય સહિત ભ્રાંતિનો દોષ કે

''શ્રી ધર્માચાર્યો ખોટો બોધ આપે નહીં
''અને'' શ્રાવકો કદી સાચું જ્ઞાન આપી શકે નહીં''.

આવી અજાણતાં-અજ્ઞાનતા અને અજ્ઞાનમાં રહીને બાળજીવોએ મુખ્યે કરીને જ્ઞાન વિરાધનાં ચાર પ્રકારથી ભવો-ભવથી કરતાં આવ્યાં અને વર્તમાન ભવમાં પણ આજ પરંપરાને અનુસરીને જૈનકુળમાં જન્મીને, જૈનધર્મ પ્રાપ્ત થયેલો અને શ્રી તીર્થંકર પરમાત્મા ઈષ્ટદેવ સ્વરૂપે પામેલાં એવાં જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓનો મોટો સમુહવર્ગ શ્રી તીર્થંકર પરમાત્માનાં નામે અને શ્રી તીર્થંકર પરમાત્માનાં કામનું નામ લઈને મોક્ષમાર્ગની આરાધનાં કરીએ છીએ એવી જડતાં રાખીને જ્ઞાન વિરાધનાં બળવાનપણે કેમ કરે છે, તેની વિચારણાં કરીએ.

(૧) શ્રી તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા ઓછી પણ કુળપરંપરાએ અને લોકઅભિપ્રાયે સમજણ વધારે તેને જીવ શ્રધ્ધામાં ગણે છે. એજ તેમનું અજ્ઞાન અને એજ જ્ઞાનની વિરાધનાં. શ્રધ્ધાનું પ્રગટ લક્ષણ શ્રી તીર્થંકર પરમાત્માનું પરમ ઉપકારીપણું માન્ય ગણ્યું હોય અને ભક્તિમાં નામભાવ-માનભાવ-દેહભાવ કે સંસારભાવ ન હોય યા મંદ હોય તેને શ્રી તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા કહેવાય. અને જો

**વ્યર્થ કરો નહીં માનવ ભવ,**
**સાર્થક ધરો શ્રી જિનનો બોધ,**
**આપો સમકિતનો સંગાથ,**
**સાથે રહેશે સમ્યક્જ્ઞાન.**

શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિમાં નામભાવ-માનભાવ-દેહભાવ કે સંસારભાવ બળવાન રાખીને હોય તો સમજણ બળવાન કહેવાય. શ્રધ્ધા ન કહેવાય, **''જ્ઞાન વિરાધનાં''**. (૨) શ્રી તીર્થંકર પરમાત્માએ (શ્રી ઈષ્ટદેવે) રચાવેલાં શાસ્ત્રોમાં અશ્રધ્ધા (શાસ્ત્રોમાં બતાવેલો જ્ઞાનમાર્ગ ન આરાધતાં અન્ય થકી બતાવેલો બોધ આરાધવો અને તેને મુક્તિનો માર્ગ માનવો, તેને શાસ્ત્રો પ્રત્યે અશ્રધ્ધા કરી કહેવાય) **''જ્ઞાન વિરાધનાં''**. (૩) શ્રી તીર્થંકર પરમાત્માએ રચાવેલાં શાસ્ત્રોનાં સાર સ્વરૂપ સદ્ગુરૂ કે સંતને અમાન્ય કરવાં કે ગણવાં એ **''જ્ઞાન વિરાધનાં''**.

(૪) શ્રી તીર્થંકર પરમાત્માએ રચાવેલાં શાસ્ત્રોને જે જીવોએ જાણ્યાં, માન્યા અને આત્મસાત કર્યા તેવાં જીવોને, અમાન્ય ગણવા, એ **''જ્ઞાન વિરાધનાં''** કહેવાય.

આ ચાર કારણો થકી, અને દરેક કારણોનાં અનુસંધાનમાં અનેક કારણો રહેલાં છે, તે કારણો થકી બાળજીવો કેવી રીતે વિરાધનાં કરે છે. તેની વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

આમ જીવ મુખ્યે કરીને ૪ આરાધનવાં યોગ્ય અને મુક્તિનાં પ્રખર અનિવાર્ય અંગની જાણતાં અને અજાણતાં-કુળ પરંપરાએ કે લોકઅભિપ્રાયે માનભાવથી કે નામભાવથી, દેહભાવથી કે સંસારભાવથી શ્રી ધર્માચાર્યો થકી કે ભય પ્રેરિતપણે આવા અનેક કારણો થકી ''અજ્ઞાન રાખીને, અજ્ઞાનમાં રહીને અજ્ઞાનીપણે'', બળવાન જ્ઞાન વિરાધનાં બાળજીવો કરે છે. અને ભવમુક્તિનાં માર્ગેથી ઘણાં-ઘણાં દુર થાય છે.

જીવને મુક્તિનાં ૪ પ્રખર દુર્લભ કારણોમાંથી પ્રથમ

**ભ્રમણનો ભાર અને મરણનો માર**
**બાળજીવની પાસે છે.**
**મોક્ષનો માર્ગ અને મરણથી મુક્તિ**
**સદ્ગુરૂ પાસે છે.**

મનુષ્યભવ અને બીજું મોક્ષમાર્ગ સંપ્રદાયમાં માનવભવ મળવો, જીવને અનંત વખત મળ્યાં, પછી બીજા બે દુર્લભ કારણોની પ્રાપ્તી શા માટે (કારણે) ન થઈ તેની વિચારણાં કરીએ, જીવે અનંત ભવ ભ્રમણમાં ફરતાં-ફરતાં પુણ્ય પ્રકૃતિને એટલી ગાઢ બનાવી કે જેનાં કારણથી જીવને પુણ્ય એજ મોક્ષપ્રાપ્તીનું કારણ એવી અજ્ઞાન ભ્રાંતિ બળવાન બનાવી. અને તેનાં ફળ સ્વરૂપે પુણ્યને (અજ્ઞાનને) જ્ઞાન માનીને મનુષ્યભવમાં નિરંતર પુણ્યનું લક્ષ રાખીને જન્મથી મળેલાં શ્રી ઈષ્ટદેવનો બોધ જાણ્યાં વગર, સાંભળ્યા વગર પુણ્યને જ શ્રી પરમાત્માનો બોધ અને પુણ્યનાં બોધ થકી જ મોક્ષ પ્રાપ્તી થશે તેવી દ્રઢ જડતાં જીવે ધારણ કરી અને તે જડતાં થકી સંસારનાં માનેલાં સુખનાં સાધનો પ્રાપ્ત થશે અને જીવ સુખ પામશે, એવી માન્યતા બાંધી (સંસારભાવની બળવાન પ્રકૃતિ બનાવી). અને પછી ભવભવાંતરમાં ફરતાં-ફરતાં જેવી બાળજીવની અંતરઅવસ્થા એવાં શ્રી ધર્માચાર્યોનો યોગ જીવને થયો, જે બાળજીવની પુણ્ય પ્રકૃતિ ગાઢ કરવાનું કાર્ય કર્યું માટે એમ કહેવાય કે જીવની મુઢતાંએ અને શ્રી ધર્માચાર્યોનાં નિમિત્ત કારણથી બાળજીવો અનંત ભવ-ભ્રમણમાં ભટકે છે. આમાં પ્રમુખ અને મુખ્ય દોષ એવાં શ્રી ધર્માચાર્યોનો ગણાય કે જે શ્રી ધર્માચાર્યો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો આત્મબોધ કે નિશ્ચયબોધ, કાળ-ક્ષેત્રનો કે બાળજીવોની યોગ્યતાં ભ્રમિતભાવથી ઓછી ગણીને આપતાં નથી તેવું માનનારાં શ્રી ધર્માચાર્યોનો દોષ શા માટે ગણાય તેની વિચારણાં કરીએ. બાળજીવોને મુક્તિનું ત્રીજું દુર્લભ કારણ શ્રી જિનનો બોધ સાંભળવો-જાણવો અને માનવા માટેનું બળવાન નિમિત્ત કારણ બાળજીવો શ્રી ધર્માચાર્યોને ગણે છે અને છે જ. અને તેજ

અનુસંધાન પાના નં ૮૦ ૫૨ →

**અનુસંધાન પાના નં ૭૯ થી ચાલું**

પ્રમાણે તેમની આજ્ઞામાં વર્તે છે. ત્યારે શ્રી ધર્માચાર્યોનું જીવન કર્તવ્ય શું ગણાય ? પહેલાં સાચો ધર્મ આપવો એ કે પહેલાં ધર્મનાં કાર્યો કરાવવા એ ?

**ધર્મનાં કાર્યો કરાવવાથી આત્મધર્મ જાણે ?**

**અનંત ભવથી પુન્ય કિધા,**
**ટાળ્યાં નહીં ભવનાં ફેરા,**
**પુન્યનાં માર્ગને મોક્ષ કહ્યો,**
**થયો મોક્ષનાં માર્ગથી દુર.**

**કે આત્મધર્મ જાણવાથી ધર્મનાં કાર્યો થાય ?**

(૧) શ્રી ધર્માચાર્યોને શ્રી તીર્થંકર પરમાત્માનાં પ્રમુખ આરાધકો-સાધકો ગણે છે.

(૨) શ્રી ધર્માચાર્યોને શ્રી તીર્થંકર પરમાત્મામાં બળવાન અને નિશંક શ્રધ્ધાવાન ગણે છે.

(3) શ્રી ધર્માચાર્યોને શાસ્ત્રોનાં જાણકાર માને છે, અને તેનાં કારણે શાસ્ત્રોનો જ બોધ આપે એવી સમજણ બાળજીવો ધરાવે છે.

(૪) શ્રી ધર્માચાર્યો પુણ્યનાં જ કાર્યો કરાવે છે. તેથી તેઓ મોક્ષમાર્ગમાં જ ચલાવે તેવી સમજણ બાળજીવો રાખે છે.

(૫) શ્રી ધર્માચાર્યો પરંપરાનાં વ્રત-તપ-ત્યાગ કરાવે છે, માટે મોક્ષમાર્ગમાં જ ચલાવે છે, તેવી સમજણ બાળજીવો રાખે છે. (આત્મલક્ષ કે પુણ્યલક્ષની જીવો સમજણ, જાણતાં-રાખતાં નથી).

(૬) શ્રી ધર્માચાર્યોનો ત્યાગ જોઈને બાળજીવો આકર્ષાય છે. (અંતરવૈરાગ્યનું અવલોકન કરતાં નથી).

(૭) શ્રી ધર્માચાર્યોએ સંસાર ત્યાગ્યો માટે તેઓ જે કાંઈ કહે કે કરાવે તે આપણાં માટે જ છે. તેમને શી જરૂર છે, તેવી માન્યતાં ધરાવે છે. (જીવને ખબર નથી કે દેહને લગતાં પાંચ પ્રમુખ કારણોમાંથી એકપણ કારણ રાખીને ધર્મનાં કાર્યો કરવાં તે પણ સંસારભાવ કહેવાય, નામભાવ કે માનભાવ).

(૮) શ્રી ધર્માચાર્યો જે બોધ આપે તે શ્રી તીર્થંકર પરમાત્માની દેશનાનો બોધ (શાસ્ત્રોનો બોધ) જ આપે તેવી બળવાન શ્રધ્ધા બાળજીવો રાખતાં હોય છે.

(૯) શ્રી ધર્માચાર્યોએ બાળજીવો ઉપર ઉપકાર કર્યો છે, તેવું માનીને સવાલ ન પુછવાં અને પુછીએ તો વિરાધનાં થાય તેવાં ભય સહિત શ્રી ધર્માચાર્યોનું જાણ્યાં વગર - પુછ્યાં વગર ફાવે તેવી રીતે તેને અનુસરવું એવી બાળજીવોમાં અંધશ્રધ્ધા રહેલી છે.

(૧૦) શ્રી ધર્માચાર્યો, સમકિતી, ક્ષાયિક સમકિતી કે અલ્પભવિ હોય તેવું માનીને બાળજીવો અજ્ઞાનમાં રહીને, અજ્ઞાનને જ્ઞાન માનીને, જ્ઞાનની વિરાધનાં ન કરાય તેવું સમજીને, અજાણતાં-અજ્ઞાનતાએ જ્ઞાનની વિરાધનાં અને અજ્ઞાનની આરાધનાં કરે છે અને છતાં બાળજીવો જ્ઞાનની આરાધનાં માને છે.

(૧૧) શ્રી ધર્માચાર્યોને સવાલ અને ધર્મની જાણકારી (મોક્ષમાર્ગનાં સવાલ કે પછી મોક્ષમાર્ગની જાણકારી મેળવવાં સવાલ કરવા) માટે કંઈપણ પુછવું એ અવિનય ગણાય. તેવી બાળજીવોમાં માન્યતાં બંધાયેલી હોય છે, કે એવી માન્યતાંમાં રાખે છે.

આવા અનેક પ્રકારથી બાળજીવો શ્રી ધર્માચાર્યોને

**જે બોધે એકાંતિ થયો,**
**ટાળ્યો અનેકાંતિ બોધ,**
**માન્યો મારગ મતથી,**
**પામ્યો મતાંતર દોષ.**

આદરભાવે-અહોભાવથી, વંદનીયભાવથી અને અનાથપણે અજ્ઞાનપણે અને ભયભીતભાવે શ્રી ધર્માચાર્યોની આજ્ઞાને જિનઆજ્ઞા ગણીને સ્વિકારે છે અને તેજ બાળજીવોનું અબળાપણું બતાવે છે. અને આવાં અબળા અજ્ઞાન બાળજીવો ઉપર શ્રી ધર્માચાર્યો પ્રતિબંધ ફરમાવે છે કે ...

**૧.** આત્માનું લખાણ (મોક્ષમાર્ગનું અને મોક્ષ પ્રાપ્તીનું જ્ઞાન) જો શ્રાવકોનાં લખાણવાળું હોય તો વાંચવું નહીં, તે વાંચવું તે મિથ્યાત્વ ગણાય.

**૨.** શ્રાવકોએ શાસ્ત્રોનો અભ્યાસ કરવો નહીં (દેશ-કાળ અનુસાર તે કારણ વ્યાજબી હતું પણ વર્તમાન કાળમાં તે કયાં પ્રકારથી વ્યાજબી છે ?) અને છતાં શ્રી ધર્માચાર્યો

## ■ મનુષ્યત્વસાર ■

**‘‘આત્માનો આધ્યાત્મિક આત્મવિકાસ અને આત્મીક અનુભવનો વિકાસ ક્રમ’’**

**૧. જીવને મનુષ્યપણું મળવું એ પૂર્વનું ફળ, (કષાયોની મંદતા અને પુણ્યનું બળવાનપણું) અને વર્તમાનપણાંમાં નિશ્ચયબોધ, આત્મધર્મને જાણવો એ મનુષ્યપણાંનું સાર્થક ફળ છે.**

**૨. જીવને વર્તમાનપણાંમાં આત્મધર્મ જાણવા, સાંભળવાં મળે, એ પૂર્વનું ફળ છે. (વિરાધનાથી બચ્યાનું) અને શ્રધ્ધામાં લાવવો એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૩. જીવને વર્તમાનપણાંમાં નિશ્ચયબોધ શ્રધ્ધામાં આવવો એ પૂર્વનું ફળ છે. અને આરાધવો એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે. (આરાધવા માટેની બે સંજોગ અવસ્થા, એક સાધુ અવસ્થા અને બીજી સંસારી અવસ્થા, પહેલામાં સમજણ બળવાન જોઈએ, સંજોગ અનુકુળ છે. બીજામાં આત્મબળ બળવાન જોઈએ, સંજોગ પ્રતિકુળ છે. બંનેમાં જીવ પરીણામની પ્રાપ્તી કરી શકે છે.)**

**૪. જીવને વર્તમાનમાં નિશ્ચયબોધ કે સિધ્ધાંત બોધ આરાધવો અને તે માટે મળેલી સંજોગ વ્યવસ્થાએ પૂર્વનું ફળ છે. અને વૈરાગ્ય લાવવો એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૫. જીવને વર્તમાનમાં વૈરાગ્ય આવવો એ પૂર્વનું ફળ છે અને ઉદાસીનતા લાવવી એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૬. જીવને વર્તમાનમાં ઉદાસીનતાં આવવી એ પૂર્વનું ફળ છે અને અંતરમુખીપણું પ્રાપ્ત કરવું એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૭. જીવને વર્તમાનમાં અંતરમુખીપણું આવવું એ પૂર્વનું ફળ છે અને વર્તમાન ભવમાં અભ્યંતર ચારિત્ર પ્રગટાવવું એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૮. જીવને વર્તમાનમાં અભ્યંતર ચારિત્ર આવવું એ પૂર્વનું ફળ છે અને વર્તમાન ભવમાં કષાયો કાપવા અને ગુણો પ્રગટાવવા એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૯. જીવને વર્તમાનમાં ગુણો સહિત અને કષાયો રહિતની સ્થિતી પ્રાપ્ત થવી એ પૂર્વનું ફળ છે. અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવવાનો પુરૂષાર્થ એ વર્તમાન ભવનું સાર્થક ફળ છે.**

**૧૦. જીવને વર્તમાનમાં હેતુપૂર્વક જન્મ ધારણ કરવાનો યોગ પ્રાપ્ત થવો એ પૂર્વનું ફળ છે અને વર્તમાન ભવમાં, આવતાં ભવનું નામકર્મ-ગોત્ર-આયુષ્ય વિગેરે ગ્રંથિથી આવતો ભવ બાંધીને, નામકર્મ-ગોત્ર-આયુષ્યની ગ્રંથિનો ક્ષય કરીને ‘‘એક અવતારીપણું’’ પ્રાપ્ત કરવું એ આ ભવનું સાર્થક ફળ છે.**

**૧૧. જીવ આવતા ભવે કોઈપણ ક્ષેત્રમાં જન્મે (જ્યાંને માટે બાંધ્યો હોય ત્યાંજ) તે ભવ છેવટનો (અંતિમભવ) એ પૂર્વનું ફળ છે અને તે ભવમાં કેવળજ્ઞાન સહિતનો સ્વભાવ પ્રગટાવવો એ તે ભવનું સાર્થક ફળ છે. અને તે સાર્થક ફળનાં પ્રભાવે કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રભાવીને સર્વ સમય માટે એક સ્થળે, અવિચળપણે, પૂર્ણ આનંદ-પૂર્ણ જ્ઞાન સહિતનું પ્રાપ્તીપણું કરીને ફળરહિત થવું એજ આત્મીક ક્રમથી આત્મીક વિકાસથી, આત્માનાં સ્વરૂપનું પૂર્ણપણું, આનંદ સહિતનું જ્ઞાન, જ્ઞાન સહિતનો આનંદ, આનંદ કરે જ્ઞાન-જ્ઞાન, જ્ઞાન કરે આનંદ-આનંદ, જ્ઞાન અને આનંદની એકરૂપતાં એજ આત્માની સ્વરૂપતાં.**

પંડિતો પાસેથી શાસ્ત્રો ભણે શા માટે ? પંડિતો શાસ્ત્રો ભણી અને ભણાવી શકે ? સંસારમાં સંસારભાવ સહિત ?

**3.** વર્તમાન કાળ અને ક્ષેત્રમાં મોક્ષ નથી માટે મોક્ષનો પુરૂષાર્થ કરવાની જરૂર નથી (કયા જીવ એક જ ભવમાં અજ્ઞાનમાંથી નિકળીને જ્ઞાન જાણીને આરાધીને-સમકિતી-ક્ષાયિક સમકિત અને કેવળજ્ઞાન પામ્યાં ? આ તો ભવોભવની સાધનાં કરવાનો ક્રમિક માર્ગ છે.)

**૪.** પુણ્ય પામવાં ધર્મનાં કાર્યો કરો અને તે કાર્યો અર્થ થકી જ થાય માટે અર્થનું ઉપાર્જન કરો અને અર્થનાં ઉપાર્જનનાં ઉપાયો બતાવે, (તંત્ર-મંત્ર-અનુષ્ઠાન-વ્રત-જપ વિગેરે).

**૫.** શ્રાવકોને આત્મધર્મથી અને શ્રી ધર્માચાર્યોનાં આચાર-સંહિતાનાં કર્તવ્ય પરાયણતાંનાં જીવનથી અજ્ઞાન રાખવાં.

**૬.** શ્રાવકોને ધર્મનાં નામે અને ધર્મનાં કાર્યોનાં નામે વિવાદ કરાવવાં અને વિવાદમાં રાખવાં, (ધર્મનાં કાર્યોમાં શ્રાવકો થકી જાગેલાં વિવાદને શમાવવાનું પ્રમુખ કાર્ય શ્રી ધર્માચાર્યોનું છે).

**૭.** શ્રાવકો એટલે, અજ્ઞાની, ભટકતાં જીવો - સંસારમાં રમતાં જીવો, ધર્મથી પછાત અને ધર્મ માટે પછાત - જો કાંઈ પણ જ્ઞાન કે ધર્મનાં કાર્યો થાય તો શ્રી ધર્માચાર્યો થકી જ થાય, શ્રાવકો કશું જ્ઞાન પ્રાપ્તી કે ધર્મનાં કાર્યો કરી જ શકે નહીં, તેવી આજ્ઞા સ્વરૂપની વાણી અને જો જ્ઞાન થાય તો અમને જ થાય શ્રાવકોને તો નહીં જ. અને અમને જ્ઞાન ન થાય તો કોઈને ન થાય, એવી બળવાન આજ્ઞા.

**આત્મજ્ઞાન વગરનાં વ્રત-તપ-ત્યાગ અને દાન, ભવ ભ્રમણનું કારણ.**

આવા અનેક પ્રકારનાં પુણ્યલક્ષી ભવભ્રમણમાં ફેરવનાર શ્રી ધર્માચાર્યોનાં ગુણો અને લક્ષણો હોય છે. અને તેની વિશેષ વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

બાળજીવોને મુક્તિનાં ૨ દુર્લભયોગની પ્રાપ્તી થાય અને તે વખતે બાળજીવોને ‘‘જ્ઞાનની વિરાધનાંથી’’ શ્રી ધર્માચાર્યો બચાવશે નહીં ત્યાં સુધી બાળજીવો મોક્ષમાર્ગનાં જ્ઞાનથી મોક્ષમાર્ગની સાધનાં આરાધનાં કરી શકશે નહીં, જે કાંઈ સાધનાં કે આરાધનાં કરે છે, કરશે તે પણ જ્ઞાન વિરાધનાં (પુણ્યલક્ષનાં કારણે) થાય છે. મુક્તિનો માર્ગ એવાં જીવોને જ પ્રાપ્ત થાય છે, કે જે જીવોને પૂર્વમાં કે વર્તમાન ભવમાં જ્ઞાનની વિરાધનાનો દોષ ટાળ્યો હોય છે કે ટાળે છે તેજ જીવો મુક્તિનાં માર્ગમાં આવી શકે છે.

**જે બોધે બુધ્ધુ થયો,**
**ટળ્યો બુધ્ધુનો બોધ,**
**ગ્રહ્યો બુધ્ધનાં બોધને,**
**થયો બુધ્ધથી બુધ્ધ.**

**‘‘જ્ઞાન વિરાધક જીવો ભવ - મુક્તિનાં સાધનોથી સાધનાં કરે અને ભવબંધન થાય**

**અને**

**જ્ઞાન વિરાધક ટાળેલાં જીવો ભવ - મુક્તિનાં સાધનોથી સાધનાં કરીને ભવમુક્ત થાય છે’’.**

બાળજીવો જ્ઞાનની વિરાધનાં કેમ-કેવી રીતે અને શા કારણથી થાય છે, તેની વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

**આનંદ** **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.